અગાઉ માવઠામાં નુકસાનીના સર્વે પછી ફરી એકવાર કર્મચારીઓ જંત્રી સર્વે માટે નિકળ્યા

સાબરકાંઠામાં ધોમધખતી ગરમીમાં મિલ્કત-જમીનની નવી જંત્રી માટે ૬૪ ટીમો દ્વારા સર્વેની કામગીરી શરુ

૩૧ મે. સુધીમાં ૭૧૨ ગામમાં સર્વે પૂરો કરી વિભાગને સોંપાશે

બાયડ, તા.૨૦

ગુજરાત સરકારે જંત્રીના દર રાતો રાત બમણા કર્યા પછી કેટલાક વિસ્તારોની ભૌગોલિક સ્થિતિ પછી જંત્રી દર નક્કી કરવા સરકાર ઉપર હળવું દબાણ ઉભું થયા પછી નવા જંત્રી માટે સમગ્ર રાજ્યમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લાના ૮ તાલુકામાં મિલ્કત-જમીનની નવી જંત્રી માટે ૬૪ ટીમો વિવિધ વિસ્તારોમાં ફરીને જંત્રી દરનું આંકલન કરી રહી છે. ૩૧ મે. સુધીમાં ૭૧૨ ગામમાં સર્વે પૂરો કરી વિભાગને સોંપવામાં આવશે અને ત્યાર પછી જંત્રી દરમાં દેખાતી વિસંગતતા દૂર કરવા સરકાર પ્રયાસ કરી શકે છે. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર કોઈપણ ભોગે મહેસૂલી ખાદ્ય ઓછી કરવા માટે નવી આવકના સ્રોત શોધી રહ્યું છે. અગાઉ જી.એસ.ટી. લાગુ કરાયા પછી ગુજરાત સરકારની તિજોરી આવકથી છલકાઈ રહી છે. ત્યારબાદ જંત્રીના દરમાં સરકારે રાતો રાત બમણો વધારો કર્યા પછી બિલ્ડર લાંબીએ સરકાર ઉપર દબાણ ઉભું કર્યા પછી ગત મહિનાની ૧૪ તારીખ સુધી જૂના જંત્રી દર પ્રમાણે દસ્તાવેજ થયા અને હવે બમણી જંત્રીથી દસ્તાવેજોની નોંધણી થતાં સરકારની તિજોરીની આવકને ફટકો પડયો છે પરંતુ મહેસૂલ વિભાગ દ્વારા મિલ્કત જમીનની બજાર કિંમતનો ઉલ્લેખ સર્વે દરમ્યાન પત્રકમાં કરવા માટે સર્વે માટે જતી ટીમોને જાણકારી આપવામાં આવી છે. જિલ્લા સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટર આર.બી.ગામેતીની ઉપસ્થિતિમાં બેઠક યોજાયા પછી હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, વડાલી, ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં ધોમધખતી ગરમીમાં મામલતદારની નિગરાની હેઠળ ૧૦ ગામો દીઠ સર્વે માટેની એક ટીમ રવાના કરવામાં આવી છે અને તેમને સ્થાનિક હાલના દરે બજાર કિંમત અને જંત્રી દર કેટલો છે તે સહિતની તમામ વિગતો યોગ્ય રીતે ભરવા માટે શિક્ષિત કરવામાં આવ્યા હતા અને છેલ્લા ૨ દિવસથી જંત્રી સર્વે માટેની કામગીરી શરૂ થતાં અનેક ગામોમાં ખેડૂતો જંત્રીના ઉંચા દર તો લખાવી રહ્યા છે પરંતુ તેના કારણે થનારી દુરોગામી અસરો પ્રત્યે કેટલાક ખેડૂતો અજાણ હોવાનું પણ જાણવા મળ્યું છે. ઠીક છે કે સરકાર જમીન સંપાદન કરે ત્યારે વળતરમાં ફાયદો થાય પરંતુ માત્ર ખેડૂતને ખરીદ-વેચાણ કરવાનું હોય તો મોટું આર્થિક નુકસાન જવાની પણ સંભાવના છે.

જિલ્લામાં ટીમો દ્વારા સર્વે

તાલુકો	ટીમ
હિંમતનગર	૧૬
ઈડર	૧૦
તલોદ	૦૯
ખેડબ્રહ્મા	૦૮
વિજયનગર	૦૬
વડાલી	૦૪
પોશીના	૦૫
પ્રાંતિજ	૦૬

ઔદ્યોગિક, તાલુકા-જિલ્લા મુજબ ફોર્મેટમાં વિગત ભરાશે

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના ૬ શહેરી વિસ્તારો અને ૮ તાલુકામાં જંત્રી સર્વેનો પ્રારંભ થયો છે જેમાં સર્વે દરમ્યાન વેલ્યુ ઝોન મુજબ મિલ્કત-જમીનની બજાર કિંમતનો ઉલ્લેખ કરાશે. ઔદ્યોગિક તાલુકા અને જિલ્લા પંચાયત વિસ્તારના પોકેટ મુજબના નક્કી ફોર્મેટમાં બજાર કિંમતની એન્ટ્રી થશે અને જેવો વિસ્તાર તે પ્રમાણે મિલ્કતની જમીન અનુસાર બજાર કિંમત ફોર્મમાં એન્ટ્રી કરવામાં આવશે જેથી મિલ્કતની કિંમતમાં મોટો તફાવત હાલ જોવા મળી રહ્યો છે તેમાં કોઈ સુધારો કરી શકાય.

૧૦ ગામ દીઠ ૧ ટીમની રચના

સૂત્રોએ જણાવ્યું કે ઉચ્ચ કક્ષાએથી મળેલા નિર્દોષ અનુસાર નાયબ મામલતદારની નિગરાની હેઠળ ૧૦ ગામ દીઠ ૧ સર્વે ટીમની રચના કરવામાં આવી છે અને તે જિલ્લાના ૭૧૨ ગામોને આવરી લઈ જંત્રી અંગે સર્વે કરી સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટરને પત્રક સહિતનો અહેવાલ આપશે જે કલેક્ટર મારફતે રાજ્ય સરકારમાં ૩૧ મે. પછી મોકલવામાં આવશે.

જૂના ઉંટરડામાં રામજી મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

બાયડ, તા.૨૦

બાયડ તાલુકાના પવિત્ર યાત્રાધામ જૂનાઉંટરડામાં શ્રી રામજી મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું તા.૨૩ થી ૨૫ મે. દરમ્યાન આયોજન કરાયું છે. તા.૨૩ના રોજ સવારે યજ્ઞ પ્રારંભ થશે અને તા.૨૫ ના રોજ મહોત્સવની પૂર્ણાહૂતિ થશે. સમસ્ત દિપેશ્વરી વહીવટી સેવા મંડળ, દિપેશ્વરી વિસામા ગ્રુપ તથા સમસ્ત જૂનાઉંટરડા ગ્રામજનો દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવા તડામાર તૈયારીઓ શરુ કરાઈ છે. યજ્ઞના આચાર્ય તરીકે ચંદ્રકાન્ત રણછોડદાસ જોષી વ્યાસપીઠ ઉપર બિરાજમાન થશે. જ્યારે હાથીના દાતા નવીનચંદ્ર ઈશ્વરલાલ પંડ્યા હોવાનું પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ દ્વારા જણાવાયું છે.

બાયડ એ.ટી.ડી. કોલેજના કર્મયોગી આચાર્ય ઈશ્વરભાઈ પટેલનો જાજરમાન નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો

યશસ્વી ૩૫ વર્ષની સેવાઓને યાદ કરી સન્માનપત્ર અપાયું

બાયડ, તા.૨૦

ઉત્તર ગુજરાતની નામાંકિત એ.ટી.ડી. કોલેજ-બાયડના આચાર્ય ઈશ્વરભાઈ પી. પટેલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો જાજરમાન વિદાય સમારોહ ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ-બાયડના ટ્રસ્ટીઓ, કેળવણીકારો, સબંધીઓ, મિત્રો અને સ્ટાફ વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો જેમાં સંસ્થાના સ્થાપના કાળથી આજદિન સુધી અસ્ખલિત યશસ્વી સેવાઓ આપી ચિત્રકલા ક્ષેત્રે સમગ્ર ગુજરાતમાં બાયડ એ.ટી.ડી. કોલેજને ગૌરવ અપાવનારા કર્મયોગી આચાર્ય નિવૃત્ત થતા હોવાથી તેમનું યાદગાર સન્માન કરવાની સાથે તેમનું નિવૃત્તિમય જીવન લોકઉપયોગી કાર્યોમાં પસાર થાય તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. મળતી જાણકારી અનુસાર બાયડના ચોઈલા રોડ ઉપર આવેલી એ.ટી.ડી. કોલેજનું રાજયની નામાંકિત કોલેજોમાં આગવું સ્થાન રહેલું છે. જો કે હવે ચિત્રકલાની કોલેજો સરકાર તબક્કાવાર બંધ કરી રહી છે પરંતુ એ.ટી.ડી. કોલેજોનો એક સમય સુવર્ણ સમય ચાલતો હતો. ત્યારે સારા અને ખરાબ સમયમાં પણ બાયડ એ.ટી.ડી. કોલેજના સ્ટાફ અને સંચાલકોએ સાચા અર્થમાં ચિત્રકલાને જીવંત રાખવાના પ્રયાસ કર્યા હતા. કોલેજમાં અધ્યાપક અને ત્યાર પછી આચાર્ય તરીકે ઈશ્વરભાઈ પટેલે યશસ્વી સેવાઓ આપ્યા પછી ૩૫ વર્ષ અને ૩૦ દિવસની દિર્ઘકાલિન સેવા પછી વયનિવૃત્ત થતાં ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ-બાયડના પ્રમુખ હેમંતભાઈ કોદરભાઈ પટેલ, મંત્રી ગીરીશભાઈ કોદરભાઈ પટેલ, ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, નિવૃત્ત થયેલા આચાર્યના પરિવારજનો અને સબંધીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ચિત્રકલા ક્ષેત્રે ઓજસ પાથરનારા આચાર્યના નિવૃત્તિ વિદાય સમારંભના સાક્ષી બન્યા હતા. સંસ્થાના હોદ્દેદારોએ તેમને સન્માનપત્ર આપી સન્માનિત કર્યા હતા. પ્રતિભાવમાં નિવૃત્ત થયેલા આચાર્ય ઈશ્વરભાઈ પી. પટેલે સંસ્થાના આદ્યસ્થાપક કોદરભાઈ પટેલના સંસ્મરણોને યાદ કરી તેમના ઘડતરમાં પણ તેમનો બહુમૂલ્ય ફાળો હોવાનું જણાવ્યું હતું.

ધાનેરા તાલુકાના ૬૨ પૈકીના ૪૪ આરોગ્ય સેન્ટરો પાણી વિહોણા...

ધાનેરાના અપક્ષ ધારાસભ્ય માવજી દેસાઈનું ભેદી મૌન : તાલુકાના ૭૦ ટકા આરોગ્ય સેન્ટરોમાં સૌચાલયની પણ સગવડ નથી

ધાનેરા તા.૨૦

ધાનેરા તાલુકો રાજસ્થાન સરહદે હોવાથી આ તાલુકામાં આરોગ્ય સુવિધાઓમાં પણ તકલીફો જોવા મળી રહી છે. તાલુકાના ૬૨ જેટલા આરોગ્ય સેન્ટરો આવેલ છે જેમાં ના ૪૪ આરોગ્ય સેન્ટરો ઉપર કોઈ પણ પ્રકારના પાણીની સગવડ અને ૪૩ સેન્ટરો ઉપર સૌચાલયની સગવડ નથી માટે સ્ટાફ ની સાથે સાથે આવનાર લાભાર્થીઓ પણ મુશ્કેલી ભોગવી રહ્યા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,ધાનેરા તાલુકામાં લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઓછુ છે તેમજ અહીના લોકો ખેતીવાડી અને પશુપાલન ઉપર નિર્ભર છે તેમજ તાલુકાના ૫૦ટકા ગામડાઓમાં પાણી ન હોવાના કારણે પાણી પુરવઠાની પાઈપ લાઈન દ્વારા પાણી આપવામાં આવી રહ્યુ છે.

ધાનેરા તાલુકામાં ૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ ૬૨ સબ સેન્ટરો આવેલા છે આ ૬૨ સેન્ટરો પૈકીના ૨૨ સેન્ટરોમાં પોતાના મકાન છે જ્યારે ૩૮ સરકારી મકાનોમાં અને ૨ સેન્ટરો પ્રાઈવેટ મકાનોમાં ચાલી રહ્યા છે આ તમામ સેન્ટરોની મુલાકાત લેવામાં આવતા ૬૨ પૈકીના ૪૪ સેન્ટરો ઉપર પાણીની સગવડ જોવા મળી ન હતી અને ૪૩ સેન્ટરો ઉપર સૌચાલયની સગવડ જોવા મળી નહોતી હાલમાં એક તરફ સરકાર દ્વારા પાણી અને સ્વછ્ઢતા અભિયાન ઉપર વધુમાં વધુ ભાર મુકવામાં આવે છે અને ખર્ચ કરવામાં આવે છે.

ત્યારે ધાનેરા તાલુકો જાણે રાજસ્થાનમાં ભળેલ હોત તેવુ ઓરમાયુ વર્તન કરવામાં આવી રહ્યુ છે. અને આ ઉનાળાની કાળઝાળ ગરમીમાં આવતા લાભાર્થીઓ તેમજ સ્ટાફને પોતાના ઘરેથી પિવાનું પાણી લાવવુ પડે તેવા હાલ ધાનેરા તાલુકાના આ ૪૪ આરોગ્ય સેન્ટરોના જોવા મળી રહ્યા છે. મુખ્ય પ્રશ્ન શૌચાલયનો છે ધાનેરા તાલુકામાં ફિમેલ હેલ્થ વર્કરો તેમજ આશા વર્કરો મળી ને ૩૦૦ જેટલો મહીલા સ્ટાફ છે તેમજ આ સેન્ટરો ઉપર આવનાર પણ ખાસ કરીને મહીલા લાભાર્થીઓ હોય છે પરંતુ ધાનેરા તાલુકાના આ આરોગ્યના પેટા સેન્ટરો ઉપર શૌચાલય ની પણ સગવડ હોતી નથી જેના કારણે આ મહીલાઓને ભારે મુસ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

તેમજ ગામડાઓની મહીલાઓ આજે પણ કેટલીક વાતોમાં શરમ અનુભવે છે ત્યારે હજુ પણ ધાનેરાના કેટલાક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પણ સૌચાલયની સગવડ ન હોવાથી ત્યાં આવતા દર્દીઓ પણ ભારે હાલાકી ભોગવી રહ્યા છે .અને આ બાબતે તાલુકા કક્ષાએ પણ અવાર નવાર રજુઆતો કરવા છતાં આ સેન્ટરો ઉપર કોઈ સગવડ કરવામાં આવતી નથી.

આ બાબતે એક ફિમેલ હેલ્થ વર્કરે નામ ના જાહેર કરવાની સરતે જણાવેલ કે અમારા સેન્ટર ઉપર પાણીની કોઈ વ્યવસ્થા નથી જેના કારણે અમારે શૌચાલય જાવુ હોય તો કોઈના ઘરે જાવુ પડે છે પાણી ન હોવાના કારણે બનાવેલ સૌચાલયો પણ ખંડેર બની ગયા છે તેમજ પીવા માટે પણ અમાં ઘરેથી પાણી લાવીએ છીએ અમાંએ અવાર નવાર અમારા અધિકારીઓને પણ આ બાબતે રજુઆત કરેલ છે.

પરંતુ તે બાબતે કોઈ નક્ક્કર કામગીરી થતી નથી જેથી આમારે બહેનોને ભારે મુસ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ ઉનાળો હોવાથી આવનાર દર્દીઓ પણ પાણી માંગતા હોય છે પરંતુ ન હોવાથી એ લોકો પાણીની બોટલો લાવીને પોતાની તરસ છીપાવતા હોય છે. પીવા માટે પણ પાણી ની સગવડ નથી ફિમેલ હેલ્થ વર્કર ધાનેરા તાલુકામાં તમામ ગામડાઓમાં હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર બનાવ્યા છે અને તેમાં ઝ.ઝ્ઁ.. ને ફરજ ઉપર મુકવાથી દર્દીઓ પણ વધારે આવી રહ્યા છે.

અને ઉનાળાની આ ગરમીમાં પાણી ની વધારે જરુરીયાત હોય છે તેની સામે પાણી ન હોવાથી અમે અમારી આશા બહેનો દ્વારા કે અમારા ખર્ચે ગામમાંથી પાણીના માટલા ભરીને મંગાવીએ છીએ પીવા માટે પણ પાણી નથી હોતા તો સૌચાલયની વાત તો અલગ છે કોઈ દર્દીઓ આવે તો તેમને સૌચાલય કે બાથરુમની જરુર પડે તો ભારે મુસ્કેલી ભોગવવી પડી રહી છે .માટે તમામ સેન્ટરો માં પાણીની તેમજ જ્યાં સૌચાલય નથી ત્યાં સૌચાલયની સગવડ તાત્કાલિક થાય તે જરુરી છે આ બાબતે તાલુકા આરોગ્ય અધિકારી ડો લક્ષ્મીકાંત સોમાણીએ જણાવેલ કે ધાનેરા તાલુકાના કેટલાક પેટા આરોગ્ય સેન્ટરો ઉપર પાણી બાબતેના પ્રશ્નો અમને મળ્યા હતા અને અમે તમામ ગામમાં થી પાણી અને સૌચાલય બાબતની વિગતો મંગાવી છે પાણી બાબતે અમોએ પી.આઈ.યુ.ને પણ લેખીત રજુઆતો કરેલ છે આ સેન્ટરો ઉપર પ્રાથમિક ધોરણે પાણીની વૈકલ્પીક વ્યવસ્થા માટે અમે કામગીરી કરીને તેમને પાણી મળે તેવી કામગીરી કરવામાં આવશે.

ધાનેરા તાલુકાના થાવર ગામના સરપંચને દબાણ હોવાથી હોદ્દા ઉપરથી દુર કરવા રજુઆત કરતાં તપાસ

સરપંચના પતિને ૨૦૧૧માં પણ દબાણના મુદ્દે ડે. સરપંચના હોદ્દા ઉપરથી દુર કરાયા હતા

ધાનેરા તા.૨૦

ધાનેરા તાલુકાના થાવર ગામમાં જ્યારે પણ સરપંચની ચુંટણી થાય તે પછી વિવાદો સરુ થતા રહ્યા છે .અને હાલના મહીલા સરપંચના પતિના ગૌચરના દબાણ બાબતે મામલો તંગ બન્યો છે અને તેની તપાસ કરવા માટે કલેકટર તેમજ ડી.ડી.ઓ દ્વારા હુકમ કરવામાં આવતા તપાસ અર્થે ગયેલ ટીમ વગર તપાસ કર્યે પરત ફરી હતી જેથી અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નું સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે,ધાનેરાના થાવર ગામમાં સરપંચ તરીકે મેઠીબેન ડાહ્યાભાઈ પટેલ છે. પરંતુ તેઓનું ગૌચરમાં દબાણ હોવાથી સરપંચને તેના હોદ્દા ઉપરથી દુર કરવા માટે થાવર ગામના ઈશ્વરભાઈ રત્નાભાઈ પટેલ દ્વારા કલેકટર તેમજ જીલ્લા વિકાસ અધિકારીને પુરાવા સાથે અરજી કરવામાં આવતા જીલ્લા કલેકટર દ્વારા પત્ર નં-ક/વહટ-જનરલ/વશી/૧૪૪૦/૨૦૨૩ તા. ૨૫/૦૪/૨૦૨૩ તેમજ નાયબ જીલ્લા વિકાસ અધિકારીના ૨૬/૦૪/૨૦૨૩ ના પત્રથી તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવામાં આવેલ કે સરપંચની સામે અરજી આવેલ તે મુજબ ગુ.પં. ધારા કલમ ૫૭(૧) હેઠળ કાર્યવાહી કરવાની થાય છે કે નહી તે બાબતે ૫ મે ૨૦૨૩ સુધીમાં રીપોર્ટ આપવા માટે જણાવેલ. જે દરમ્યાન અરજદારે અરજી કરેલ કે આ દબાણની તપાસમાં પોતાને સાથે રાખી તેમજ ગામના આગેવાનોતેમજ પોલીસ અને મિડીયાને સાથે રાખીને તપાસ કરવી તેવુ લેખીતમાં આપતા તાલુકા વિકાસ અધિકારીની ટીમ શુક્રવારે થાવર ગામે પહાંચી હતી. પરંતુ પોલીસ સાથે ન હોવાથી જગડા થવાની સંભવના સેવાઈ રઈ હતી જેથી તાલુકા વિકાસ અધિકારી અને તેમની ટીમ પરત ફરી હતી અને ફરીથી કાર્યક્રમ નક્કી કરવા માં આવશે કે પછી ગોદડી ગોટે વળશે તેવા અનેક પ્રસ્ન લોકો માં ચર્ચાઈ રયા છે. ત્યારે બીજી તરફ આવનાર અધિકારીઓ પરત ફરતાં લોકો અનેક આક્ષેપો કરી રહ્યા છે.અગાઉ પણ હાલ ના સરપંચ પતિ ડાહ્યાભાઈ પટેલ ને તારીખ ૩૦ જૂન ૨૦૧૧ ના રોજ દબાણ મુદ્દે પણ સસ્પેન્ડ કરવા માં આવેલ છે તો પછી હાલ ના સરપંચ નું દબાણ હોય તો તેમને પણ સસ્પેન્ડ કરવાની જરૂર છે. પરંતુ ધાનેરા તાલુકા પંચાયત ના કેટલાક મિલી ભગત કર્મચારી આંખ આડા કાન કરી રયા હોય તેવું લાગી રયું છે જેથી આ દબાણ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારી થાવર ગામે આવી રૂબરૂ તપાસ હાથ ધરે તે જરૂરી છે.

પાલનપુરના ગઠામણ દરવાજા વિસ્તારમાં ગેસ રીફિલીંગ સેન્ટર ઝડપાયું

પુરવઠા તંત્રે સબસીડી વાળા ગેસને કોમર્શિયલમાં વેચી મારવાના કોભાંડનો પર્દાફાશ કર્યો : વિવિધ કંપનીના ગેસ સિલિન્ડર,કોમ્પ્રેસર,રિક્ષા મળી રૂ.૩.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

પાલનપુર તા.૨૦

પાલનપુરમાં ગઠામણ દરવાજા વિસ્તારમાં એક ઈસમ દ્વારા સબસીડી યુક્ત ગેસ સિલિન્ડર ના ગેસને કોમર્શિયલ ભાવે વેચી મારવા બિન અધિકૃત ગેસ રિફીલિંગ સેન્ટર ચલાવતો હોવાની બાતમીના આધારે પુરવઠા તંત્રની ટીમે આ ગેસ રીફિલિંગ સેન્ટર પર ઓચિંતો દરોડો પાડી ને અહી થી વિવિધ કંપનીના ગેસ સિલિન્ડર, કોમ્પ્રેસર,લોડીંગ રિક્ષા સહિત રૂ.૩.૯૧ લાખ ઉપરાંત નો મુદ્દામાલ કબજે કરી ગેર કાયદેસર ગેસ રિફિલિંગ ચલાવતા ઈસમ સામે પૂર્વ પોલીસ મથકે ગુનો દાખલ કરાવવામાં આવ્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરના ગઠામણ દરવાજા પેટ્રોલપંપ પાછળ આવેલ કોટા વાળા શેરીમાં તોલારામ તીરથદાસ કુદનાણી નામનો ઈસમ વિવિધ કંપનીનાં સબસીડી વાળા ગેસ સિલિન્ડર મેળવી આ ગેસનું કોમર્શિયલ વેચાણ કરવા ગેરકાયદેસર ગેસ રીફિલિંગ કરવામાં આવતું હોય પુરવઠા તંત્રની ટીમે આ ગેસ રિફિલિગ સેન્ટર પર ઓચિંતી રેઈડ કરતા અહી વિવિધ કંપનીના સબસીડી વાળા અને કોમર્શિયલ ગેસ સિલિન્ડર ગેસ રિફિલિંગ કરવાનું કોમ્પ્રેસર, લોડીંગ રિક્ષા સહિતની સામગ્રી મળી આવતા પુરવઠા તંત્રની ટીમે રૂ.૩૯૧૯૩૩ નો મુદ્દામાલ કબજે કરી બિન અધીકુત ગેસ રિફિલિંગ સેન્ટર ચલાવતા તોલારામ તીરથદાસ કુદનાણી સામે શહેર પૂર્વ પોલીસ મથકે ગુનો દાખલ કરાવતા પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે ગેસ રિફિલિંગમાં ઝડપાયેલ આરોપી અગાઉ પણ અનેક વાર ગેસ રિફિલિંગ અને ગેસ સિલિન્ડર ના કાળા બજાર કરતા ઝડપાયેલો છે ત્યારે આરોપી સબસીડી વાળા વિવિધ કંપનીના ગેસ સિલિન્ડર ક્યાંથી લાવે છે તેની તપાસ થાય તો ગેસના કાળા બજાર નો પર્દાફાશ થાય તેમ છે.

આરોપી અગાઉ પણ ગેસ રિફિલિંગમાં ઝડપાયો હતો

ગઠામણ દરવાજા વિસ્તારમાં બિન અધિકુત સબસીડી યુક્ત ગેસ સિલન્ડરના ગેસનો કોમર્શિયલ હેતુ રિફિલિંગ કરતા ઝડપાયેલ આરોપી તોલારામ તીરથદાસ કુદનાણી અગાઉ પણ ગેસ રિફિલિંગ કરતા અને સબસીડી વાળા ગેસ સિલિન્ડરોનું કાળા બજાર કરતા ઝડપાયેલો છે જોકે આરોપી સબસીડી વાળા ગેસ સિલિન્ડર કેવી રીતે મેળવે તે તેની ઊંડી તપાસ કરવામાં આવે તો આ ગેસના કાળા બજારમાં વિવિધ ગેસ એજન્સી ની સંડોવણી બહાર આવી શકે તેમ છે.

ભિલોડાના જનાલીના યુવાન પાસેથી ૨૦ પાસપોર્ટ જપ્ત કરતી પોરબંદર પોલીસ

વિદેશોની હોટલમાં નોકરી અપાવવાના બહાને લાખોની ઠગાઈ

બાયડ, તા.૧૯

ભિલોડાના જનાલીના યુવાન પાસેથી પોરબંદર પોલીસે ૨૬ પાસપોર્ટ જપ્ત કરી ધરપકડ કરતાં સનસનાટી મચી ગઈ છે. એક સાથે પાસપોર્ટ કેવી રીતે આવ્યા ? અને પાસપોર્ટ પોતાની પાસે રાખવાનો ઈરાદો શું હતો ? તે મુદ્દે કિર્તી મંદિર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. દ્વારા ઉંડાણપૂર્વકની તપાસ ચાલી રહી છે અને તપાસ દરમ્યાન અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે. મળતી જાણકારી અનુસાર સૌરાષ્ટ્રના પોરબંદરમાંથી કેટલાક લોકોને સીંગાપુરની હોટલોમાં નોકરી અપાવવાના બહાને રુ ૧૭. ૬૫ લાખની છેતરપીંડીના ગુનાની ફરિયાદ કિર્તી મંદિર પોલીસ સ્ટેશનમાં નોંધાયા પછી પોલીસ દ્વારા ઉંડાણપૂર્વકની તપાસ થતાં ભિલોડાના જનાલી ગામના વિપુલ ચંદુભાઈ ચૌધરીનું નામ પ્રકાશમાં આવ્યું હતું અને તે નરોડામાં ઓફીસ ધરાવતો હતો અને વિદેશ મોકલવા માટે તેને અનેક લોકો પાસેથી પાસપોર્ટ લઈ પોતાની પાસે રાખ્યાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. તાજેતરમાં મહેસાણા જિલ્લામાંથી કબૂતર બાજીની ચોંકાવનારી ઘટનાઓ પ્રકાશમાં આવ્યા પછી પોલીસ અને વિદેશ મંત્રાલય વધુ એલર્ટ મોડ ઉપર આવી ગયું છે અને ત્યાં પોરબંદરમાં સીંગાપુર લઈ જવાના બહાને લાખો રુપિયાની ઠગાઈ થયા પછી મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો હતો અને પોલીસ દ્વારા પ્રાથમિક પૂછપરછમાં રાજકીય પક્ષના એક કાર્યકર સહિત અરવલ્લીના ભિલોડા તાલુકાના યુવાનનું નામ ખૂલતાં તેની પાસેથી ૨૬ પાસપોર્ટ પોલીસે કબજે લીધા છે. ઉત્તર ગુજરાતના એજન્ટ પાસેથી જો પાસપોર્ટ મળ્યા હોય તો તે તમામ લોકો સૌરાષ્ટ્રના કેવી રીતે હોય ? તેને લઈને પોલીસને અનેક પ્રકારની આશંકાઓ ઉભી થઈ છે. પરંતુ પોલીસ અત્યારે કંઈપણ કહેવા તૈયાર નથી.

તપાસ ચાલી રહી છે - પી.એસ.આઈ.

પોરબંદરના કિર્તી મંદિર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ., આર.કે.કાબલીયાનો સંપર્ક કરતાં તેઓએ જણાવેલ કે ભિલોડા તાલુકાના જનાલી ગામના યુવાનની અટક કરવામાં આવી છે અને તેની પાસે ૨૦ પાસપોર્ટ કેવી રીતે આવ્યા તે મુદ્દે તપાસ ચાલી રહી છે.